


# ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામસેવા કેન્દ્ર
## વલ્લભ વિદ્યાલય, બોચાસણ ૩૮૮૧૪૦
## તા.બોરસદ જિ.આણંદ

**પ્રવૃતિ – દર્પણ**


અંક : ૮ ઑક્ટોબર ૨૦૧૯


૧. “ સુરક્ષા સેતુ “ કાર્યક્રમ તા.૦૧/૧૦/૨૦૧૯ મંગળવાર.
૨. ગાંધી જયંતિ તા.૦૨/૧૦/૨૦૧૯ બુધવાર. તથા ગાંધી સપ્તાહ તા.૦૨/૧૦/૨૦૧૯ બુધવારથી તા.૦૬/૧૦/૨૦૧૯ રવિવાર.
૩. વિભાગીય વડાઓ સાથે બેઠક તા. ૦૪/૧૦/૨૦૧૯ શુક્રવાર.
૪. પ્રથમ સત્રાંત કસોટી. કુમારમંદિર, વિનયમંદિર, ઉચ્ચતર વિનયમંદિર તા.૧૦૧૦/૨૦૧૯ ગુરૂવારથી તા૨૩/૧૦/૨૦૧૯ બુધવાર. અધ્યાપન મંદિર તા.૧૪/૧૦/૨૦૧૯ સોમવારથી તા.૨૩/૧૦/૨૦૧૯ બુધવાર.
૫. “ શતાબ્દિ વન “ માટે શ્રમકાર્ય તા.૧૭/૧૦/૨૦૧૯ ગુરૂવાર.
૬. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદનો ૧૦૦ મો સ્થાપના દિવસ તા.૧૮/૧૦/૨૦૧૯ શુક્રવાર.
૭. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવદનો ૬૬ મો પદવીદાન સમારંભ તા.૨૨/૧૦/૨૦૧૯ મંગળવાર.
૮. દિવાળીની રજાઓ. તા.૨૪/૧૦/૨૦૧૯ ગુરૂવારથી તા.૧૩/૧૧/૨૦૧૯ બુધવાર (૨૧ દિવસ)
૯. સરદાર જયંતિ તા.૩૧/૧૦/૨૦૧૯ ગુરૂવાર.
૧૦ ગંગાબા ગૌશાળાનું ઑક્ટોબર ૨૦૧૯નું દૂધ ઉત્પાદન.
૧૧. વિનયમંદિર ઉદ્યોગમાં શાકભાજી નું ઉત્પાદન.

### દિપોત્સવ

લંકાપતિ રાવણને પરાજીત કરી મર્યાદા પુરસોત્તમ શ્રી રામ અયોધ્યા પધાર્યા તે દિવસે વિજયોત્સવ ઉજવાયો તેને દિપોત્સવ કહે છે.

આ શુભ દિવસથી એક-એક દિપક પ્રગટાવીએ તો .......... એક દિપક પ્રેમનો, એક દિપક સમર્પણનો, એક દિપક સહયોગનો , એક દીપક તપનો, એક દિપક કરૂણાનો , આમ અનેક દીપકોની પંક્તિથી ફક્ત આપણુંજ નહી , પરતું અનેક લોકોનું જીવન આલોકિત બને છે.

નવા વર્ષમાં આપણે પરોપકાર , સમર્પણઅને કરુણાને વહાવવાની છે તો નિત્ય નિરંતર આનંદ મળશે. નવા વર્ષમાં નવી ઉર્જા સાથે આગળ વધતાં રહીયે એવો સંકલ્પ લઇએ. એજ સાચો દીપોત્સવ.

સૌને નવાવર્ષની શુભકામના.


સંકલન
૧.શ્રી ઉદેસિંહ સોલંકી
૨.શ્રી કિશોરભાઇ રાવલ ૩.શ્રી સુનિલકુમાર જાદવ
૪.શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી ૫.શ્રી રાવજીભાઇ પરમાર

ટાઇપ અને લે-આઉટ
શ્રી સાજીદભાઇ વહોરા



આ માસિક પત્રિકા ફક્ત શૈક્ષણિક હેતુ અને માર્ગદર્શન માટે છે

1. ગુજરાત રાજય પોલીસ વિભાગ દ્વારા સુરક્ષા સોસાયટીના ઉપક્રમે ટ્રાફિક માર્ગ સલામતી , કાનુની સહાય, વ્યક્તિગત સલામતી, ૧૮૧ હેલ્પલાઇનની કામગીરી અંગેની માહિતી દ્રશ્ય શ્રાવ્ય સાધનો દ્વારા તથા સુરક્ષાવાન દ્વારા આપવામાં આવી. આ કાર્યક્રમ બોરસદ રૂરલ પોલીસ સ્ટેશન દ્વારા યોજવામાં આવ્યો.
2. ગાંધી જયંતિ તા.૦૨/૧૦/૨૦૧૯ને બુધવારના રોજ પ્રભાતફેરી , ગ્રામયાત્રા તથા વિદ્યાર્થી સંમેલન કાર્યક્રમો રાખવામાં આવ્યા.

   ગાંધી સપ્તાહ દરમિયાન દરરોજ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા.

3. તા.૦૪/૧૦/૨૦૧૯ને શુક્રવારે સંયોજકશ્રીની હાજરીમાં વિભાગીય વડાઓ સાથે બેઠક રાખવામાં આવી તેમા સપ્ટેમ્બર માસમાં થયેલ કામગીરી તથા ઑક્ટોમ્બર માસમાં કરવાના કાર્યોનું આયોજન અંગે વિચારણા-ચર્ચા કરવામાં આવી. તેમા શ્રી કિશોરભાઇ રાવલ , શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી , શ્રી સુનિલકુમાર જાદવ તથા શ્રી રાવજીભાઇ પરમાર હાજર રહ્યા.

4. કુમાર મંદિર, વિનયમંદિર, ઉચ્ચતર વિનયમંદિર તથા અધ્યાપનમંદિરની પ્રથમ સત્રાંત કસોટી યોજવામાં આવી.

5. “ શતાબ્દિ વન “ બનાવવાની તૈયારી માટે વિનયમંદિરના વિદ્યાર્થીઓએ શ્રમકાર્ય કરી નીચેનાં કાર્યો કર્યાં.

   ૧. શતાબ્દિવનનાં વૃક્ષો માટે પાણી લઇ જવા કુંડી બનાવી, કુંડીની સફાઇ કરી.

   ૨. ૧૩' * ૧૨' ના અંતરે વૃક્ષો રોપવા ખાડા તૈયાર કર્યા.

   3. વૃક્ષોના જે રોપા લાવ્યા હતા તેની માવજત કરી.

   ૪. ખેતરમાથી પથ્થર વીણ્યા, ઘાસ કાઢ્યું

   -. શ્રમકાર્યમાં શિક્ષકો પણ સામેલ થયા.





6. ગૂજરાત વિદ્યાપીઠ , અમદાવાદના ૧00મા સ્થાપના દિનની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી.

૧. સવારે ૫-30 વાગે પ્રભાતફેરી

૨. સવારે ૬-00 વાગે પ્રાતા. પ્રાર્થના

3. સવારે ૮-00 વાગે ધ્વજવંદન (ગૂજરાત વિદ્યાપીઠના ધ્વજથી )

૪. સવારે ૮-30 થી ૧૧-30 સુધી. વૃક્ષારોપણ શતાબ્દિ વનમાં નીચેનાં ૧30 વૃક્ષો રોપવામાં આવ્યાં.

| ક્રમ | નામ | ક્રમ | નામ | ક્રમ | નામ |
|---|---|---|---|---|---|
| ૧ | લીંબુ | ૧૧ | ખાટી આમલી | ૨૧ | ચીકુ |
| ૨ | દાડમ | ૧૨ | કોઠી | ૨૨ | નગોડ |
| ૩ | આમલી | ૧૩ | જાંબુ | ૨૩ | બોગન |
| ૪ | જામફળ | ૧૪ | ગુદાં | ૨૪ | આમળા |
| ૫ | સીતાફળ | ૧૫ | અરીઠાં | ૨૫ | સરૂ |
| ૬ | રામફળ | ૧૬ | વડ (શતાબ્દિ વૃક્ષ) | ૨૬ | સેવન |
| ૭ | ગોરસ આમલી | ૧૭ | લીમડા | ૨૭ | પેલ્ટ્રો |
| ૮ | સાદડ | ૧૮ | કેસુડો | ૨૮ | પીંકેશીયા |
| ૯ | ગુલમહોર | ૧૯ | ઉમરડો | | |
| ૧૦ | બીલી | ૨૦ | રાયણ | | |

૫. બપોર ૧૨-00 વાગે સમૂહ ભોજન (સેવકો સાથે).






7. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદનો ૬૬ મો પદવીદાન સમારંભ નીચેના મહાનુભાવોની હાજરીમાં યોજાયો.

૧. આ. મુખ્ય મહેમાન શ્રી અઝીમ પ્રેમજી.

૨. આ. કુલપતિશ્રી ઇલાબેન ભટ્ટ,

3. આ. કુલનાયકશ્રી ડૉ.અનામિકભાઇ શાહ.

૪. મા. કાર્યકારી કુલસચિવશ્રી ડૉ.ભરતભાઇ જોશી.



પદવીદાન સમારંભમાં ગ્રામસેવા કેન્દ્ર – બોચાસણ તરફથી શ્રી કિશોરભાઇ રાવલ , શ્રી સુરૂચિબેન દેશવાલ તથા શ્રી જિજ્ઞાસાબેન ત્રિવેદી હાજર રહ્યા. ગંગાબા ગૌશાળા દ્વારા પેંડા વેચાણનો સ્ટોલ રાખવામાં આવ્યો હતો.

8. કુમારમંદિર, વિનયમંદિર, ઉચ્ચતર વિનયમંદિર તથા અધ્યાપન મંદિરના વિદ્યાર્થીઓને દિવાળી નિમિત્તે તા.૨૪/૧૦/૨૦૧૯ને ગુરૂવારથી તા.૧૩/૧૧/૨૦૧૯ને બુધવાર સુધી ૨૧ દિવસની રજાઓ રાખવામાં આવી.



9. સરદાર પટેલની ૧૪૪ મી જન્મ જયંતિના રોજ તેમની પ્રતિમાએ પુષ્પાંજલિ તથા સૂતરની આંટી અર્પણ કરવામાં આવી.

10. ગંગાબા ગૌશાળાનું ઑક્ટોબર માસનું દૂધ ઉત્પાદન ૧૯૯૬/- લિટર થયું

11. વિનયમંદિર ઉદ્યોગમાં હાલ નીચેના શાકભાજીનું ઉત્પાદન થાય છે.

- ભીંડા, ચોળા, ગુવાર, દૂધી, ટીંડોરાં, કોળું ગિલોડાં, લીંબુ

શાકભાજીનું ઉત્પાદન ૯૪ કિલોગ્રામ થયુ.

૧. ધરૂવાડિયુ તૈયાર કર્યું.

| | | | |
|---|---|---|---|
| ૧. ડુગળી | ૨. કોબીજ | ૩. ફ્લાવર | ૪. ટામેટી |

૨. શાકભાજી પાકોની વાવણી કરી.

| | | | |
|---|---|---|---|
| ૧. મૂળા | ૨. પાલક | ૩. મેથી | ૪. ચોળી |
| ૫. બિટ | ૬. જાલર પાપડી | ૭. લીલાધાણા | ૮. ગુવાર |